# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ પોસ્ટ બોક્સ નબર: ૧૦
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦ (ગુજરાત)
**નેક એક્રેડિશન ગ્રેડ "એ"**
**(૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)**

ફોન : ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫
ફેક્સ: ૦૨૬૯૨-૨૩૬૪૭૫
ઇમેલ:exam_spu@spuvvn.edu
વેબસાઇટ:www.spuvvn.edu


પરીક્ષા વિભાગ

## <u>પરિપત્ર</u>

આથી સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા રેગ્યુલર પરીક્ષાનાં પરીણામ આવ્યા બાદ વિદ્યાર્થીને **<u>ઓબ્ઝર્વેશન ઓફ આન્સરબુકનો</u>** વિકલ્પ આપવામાં આવે છે, અને ત્યારબાદ જો વિદ્યાર્થી **રી-એસેસમેન્ટનો વિકલ્પ** પસંદ કરી તે પ્રક્રિયામાં દાખલ થાય તો આ પ્રક્રિયામાં ઘણો લાંબો સમય વીતી જાય છે. આ પ્રક્રિયા સાથે જ સ્નાતક કક્ષાનાં વિદ્યાર્થીઓની ઓન ડિમાન્ડ/સપ્લીમેન્ટ્રી પરીક્ષાનું આયોજન નિયમાનુસાર કરવામાં આવે છે.

ઉપરોક્ત બાબત અને વિદ્યાર્થીઓની મૌખિક રજૂઆતનાં અનુસંધાનમાં આપને જણાવવાનું કે રી-એસેસમેન્ટમાં જો વિદ્યાર્થી તમામ વિષયમાં પાસ થઇ જાય અને ઓન ડિમાન્ડ/સપ્લીમેન્ટ્રી પરીક્ષા આપી હોય તો તેવી પરીક્ષાની ભરેલ પરીક્ષા ફી વિદ્યાર્થીને પરત કરવામાં આવશે.

પરીક્ષા ફી પરત મેળવવા નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે.

૧. વિદ્યાર્થીએ રી-એસેસમેન્ટમાં પરીક્ષા પાસ કર્યાના યુનિવર્સિટીના પત્ર સાથે કોલેજના આચાર્યશ્રીને લેખિત રજૂઆત કરવાની રહેશે.

૨. વિદ્યાર્થીની રજૂઆતની ચકાસણી કર્યા બાદ, વિદ્યાર્થીની અરજી સાથે આચાર્યશ્રીએ યુનિવર્સિટીને પત્ર દ્વારા ભલામણ કરવાની રહેશે.

૩. આચાર્યશ્રીની ભલામણ બાદ, યોગ્ય ચકાસણી કર્યા પછી ઉપરોક્ત પરીક્ષાને લગતી પરીક્ષા ફી પરત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

નંબર: ઈ-૩/ 1293
વલ્લભ વિદ્યાનગર
તારીખ: ૩૧/૦૭/૨૦૨૩

કુલસચિવ

નકલ રવાના.

૧. આચાર્યશ્રી, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓ તરફ જાણ સારૂ.
૨. કાર્યકારી મુખ્ય હિસાબ અધિકારીશ્રી, હિસાબ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ ઘટિત કાર્યવાહી કરવા સારૂ.